# પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ : જંબુસર.

## રેગ્યુ. દિવાની મુકદમા નં. ૧૬૮/૨૦૧૭

મુબારકઅહમદ યાકુબ પટેલ,

રહે. મુ. પો. રોઝા ટંકારીયા, તા. આમોદ, જિ. ભરૂચ,

અનુ. નં. ૧ થી ૮ નાં કુલમુખત્યાર :

(૧) યાકુભાઈ ઈબ્રાહિમ વલી,

(૨) મહંમદભાઈ ઈબ્રાહિમ વલી,

(૩) એહમદભાઈ ઈબ્રાહિમ વલી,

(૪) પટેલ જુબેદાબેન હશન ઈબ્રાહિમ,

(૫) પટેલ ઐયુબ હશન ઈબ્રાહિમ,

(૬) પટેલ ઈસ્માઈલ હશન ઈબ્રાહિમ,

(૭) પટેલ મરીયમ હશન ઈબ્રાહિમની દિકરી અને નજીરભાઈ પોચીયાની ઔરત

(૮) પટેલ રાબીયા હશન ઈબ્રાહિમની દિકરી અને ઈકબાલભાઈ પટેલની ઔરત

..........**વાદી**

**વિરૂધ્ધ**

(૧) મ્હે. જિલ્લા કલેકટરશ્રી,

રહે. જિલ્લા કલેકટર કચેરી, ભરૂચ,

(૨) મ્હે. નાયબ કલેકટર અને એસ. ડી. એમ.શ્રી,

રહે. નાયબ કલેકટર કચેરી, પ્રાત ઓફિસ, જંબુસર,

(૩) મ્હ. સુપ્રિ. ઓફ લેન્ડ રેકર્ડ એન્ડ એકત્રીકરણ ઓફિસરશ્રી, ભરૂચ,

રહે. કે. યુ. પેટ્રોલ પંપ પાછળ, ભરૂચ,

(૪) મ્હે. ડી. આઈ. એલ. આર. શ્રી, ભરૂચ,

રહે. કે. યુ. પેટ્રોલ પંપ પાછળ, ભરૂચ,

(૫) મ્હે. સેટલમેન્ટ કમીશ્નર એન્ડ ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડશ્રી,

રહે. ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૩/૩,

સેકટર–૧૦, ગાંધીનગર,

(૬) મ્હે. મામલતદારશ્રી,

રહે. મામલતદાર કચેરી, તા. આમોદ, જિ. ભરૂચ,

(૭) (ઐયુબ) સુલેમાન મહંમદ દાઉદ,

રહે. મુ. રોઝા ટંકારીયા, તા. આમોદ, જિ. ભરૂચ,

(૮) અબ્દુલ મહમદ દાઉદ, (હાફેજી, રોજા ટંકારીયાવાળા),

રહે. અપના નગર, વાગરા, તા. વાગરા, જિ. ભરૂચ,

(૯) તલાટી કમ–મંત્રીશ્રી,

રહે. ગ્રામ પંચાયત કાર્યાલય, મુ. રોઝાટંકારીયા,

તા. આમોદ, જિ. ભરૂચ. ......... **પ્રતિવાદીઓ**

| |
|---|
| // વાદી તરફે વિ. વ.............................. શ્રી કે. એન. પટેલ // |
| // પ્રતિવાદી નં. ૭ તથા ૮ તરફે વિ. વ. .......... શ્રી એસ. આઈ. દૌલા //<br>// પ્રતિવાદી નં. ૧ થી ૪ તથા ૬, ૯ સામે એકતરફી // |

## –:: આંક – ૫ લગત હુકમ ::–

**(૧)** વાદીએ હાલની અરજી સી. પી. સી. ઓર્ડર – ૩૯, રૂલ – ૧, ૨ મુજબ વચગાળ ાનો મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. આ કામમાં આંક – ૫ થી વાદી ધ્વારા હાલની મનાઈ અરજી લાવવામાં આવેલ છે અને આંક – ૧ થી પ્રતિવાદીઓ સામે જે દાવા અરજી કરેલ છે તેની સાથે વચગાળાની દાદ માંગતી અરજી કરેલ છે. આ કામના

વાદીએ તેમની આ મનાઈ અરજીમાં મોટાભાગની હકિકતો તેની આંક–૧ ની દાવા અરજીને લગતની હકિકતોના સમર્થનમાં જણાવેલ છે. આ આંક – ૫ ની અરજીની ટું કમાં હકિકત નીચે મુજબ છે.

## (૨) અરજીની ટુંકમાં હકિકત :–

વાદીની આંક – ૫ ની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, વાદી મનાઈ અરજીમાં મથાળે જણાવેલ સરનામે પરીવાર સાથે રહે છે અને ખેતી કરી તેઓનાં પરીવારનું ગુજરાન ચલાવે છે. વાદી નીચે જણાવેલ મિલકતનાં સંપૂર્ણ કબજેદાર તથા માલીક છે. સદર મિલકત તેઓને વડીલોપાર્જીત વારસાઈ હકકથી ચાલી આવેલ ખેતી વિષયક જમીન છે.

### : મિલકતની વિગત :

| ગામનું નામ | બ્લોક નં./સર્વે નં. | ક્ષેત્રફળ હે–આરે–ચોમી | આકાર રૂા. પૈ. | ખેતરનું નામ /જમીનની વિગત |
|---|---|---|---|---|
| મોજે રોજાટંકારીયા, તા. આમોદ, જિ. ભરૂચ | ૧૩૦૦ (જુ.રે.સ.નં.–૬૨૯/૧) | ૨–૧૪–૪૮ | ૧૮.૧૨ | ટીબી/ ખેતીલાયક જમીન |

બ્લોક નં. ૧૩૦૦ ની ચુતર્થ દિશા નીચે મુજબ છે.

પૂર્વે : બ્લોક નં. ૧૨૯૯ ની જમીન છે.

પશ્ચીમે : કોલવણા ગામે જવાનો રોડ છે.

ઉત્તરે : સરકારી નેળ છે.

દક્ષિણે : કોલવણા ગામે જવાનો રોડ છે.

ઉપરોકત મિલકતનાં મૂળ માલીક તથા કબજેદાર મહેરામણસિંહજી ઉર્ફે મહમદ મસુદ જલાલુદીન ઠાકોર સાહેબ ઓફ આમોદ હતા, જેઓ નોંધ નં. ૧૫૭૪, તા. ૨૨/૦૮/૫૫ થી રેકર્ડમાં છે, ત્યારે રે. સ. નં. ૬૨૯ હતો અને ક્ષેત્રફળ ૧૨ એકર ૩૫ ગું

ઠા હતું. આ જમીન (૧૯૪૯–૫૦) માં મુસે નાથા ૬ એકર ૩૫ ગુંઠા અને ખીમચંદ દયાળ ૬ એકર ખેડતા હતા. સને : ૧૯૫૪–૫૫ માં ખીમચંદ દયાળ તથા વાદીનાં દાદા ''અભરામ વલી નાથા'' સદર જમીન ખેડતા, ત્યારથી નોંધ નં. ૧૬૮૩, તા. ૨૨/૧ ૨/૫૬ થી વાદીનાં દાદા અભરામ વલી નાથાનું નામ કબજેદાર તરીકે દાખલ થયેલ, નોંધ નં. ૨૪૨૦ થી વેચાણ વાદીનાં દાદાએ રાખેલ જે નોંધ રેકર્ડમાં છે. ક્ષેત્રફળ–૬ એકર દાખલ છે અને રે. સ. નં. ૬૨૯ પૈકી થયેલ, જ્યારે બાકીનું ક્ષેત્રફળ ૬ એકર ૩૫ ગુંઠા ખીમચંદ દયાળ પાસે રહેલું, જે નોંધ નં. ૨૦૦૮, તા. ૧૬/૧૨/૬૧ થી મોહનલાલ ખીમચંદ નામે વેચાણ નોંધથી દાખલ છે. ત્યાર પછી એકત્રીકરણ યોજનાં અમલમાં આવતા વાદીનાં દાદાની જમીન રે. સ. નં. ૬૨૯/૧ ને બ્લોક નં. ૧૩૦૦ આપેલ અને ક્ષેત્રફળ ૨–૪૨–૮૧ હે.આરે.ચોમી. થયેલ અને મોહનલાલ ખીમચંદ શાહનો રે. સ. નં. ૬૨૯/૨ ને બ્લોક નં. ૧૨૯૯ આપેલ અને ક્ષેત્રફળ ૨–૭૮–૨૪ હે. આર. ચોમી. થયેલ. ત્યારબાદ રોડમાં વાદીનાં દાદાની જમીન ક્ષેત્રફળ ૦–૨૮–૩૩ સં પાદન થયેલી અને હાલનાં રેકર્ડ મુજબ નોંધ નં. ૬૧૫૬ તા. ૨૩/૧૨/૮૨ આધારે કમી જાસ્તીની નોંધ હુકમથી દાખલ થયેલ, જે આધારે વાદીનાં દાદા બ્લોક નં. ૧૩૦૦/અ, ૦–૦૭–૦૮ તથા બ્લોક નં. ૧૩૦૦/બ, ૨–૦૭–૪૦ આમ કુલ ક્ષેત્રફળ ૨–૧૪–૪ ૮ છે, જે હાલનું ક્ષેત્રફળ છે. એવી જ રીતે રોડમાં બ્લોક નં. ૧૨૯૯ માંથી જમીન સં પાદન થયેલી, જે ક્ષેત્રફળ ૦–૧૮–૨૧ છે અને બાકીનું ક્ષેત્રફળ ૨–૬૦–૦૨ છે, જે હાલનું ક્ષેત્રફળ છે. આ બ્લોક નં. ૧૨૯૯ મોહનલાલ ખીમચંદ દયાળનાં વારસોએ અનું નં. ૭ અને ૮ નાઓને વેચાણ દસ્તાવેજ નં. ૨૩૭, તા. ૧૫/૦૬/૯૩ નાં રોજ વેચાણ આપેલી, જે તે સમયે વેચાણ આપનાર તથા લેનારાઓએ વેચાણ દસ્તાવેજમાં બ્લોક નં. ૧૨૯૯ ની ચતુરસીમાં બ્લોક નં. ૧૩૦૦ જે વાદીનાં દાદાની જમીન છે, જે કબજાની લખી જેનાં ઉપર ગેરકાયદેસર કબજો કરેલ છે અને વાદીનાં દાદા જેનાં લીધે અનું. નં. ૭ અને ૮ નાઓનાં ગેરકાયદેસર દસ્તાવેજ બ્લોક નં. ૧૨૯૯ નો

હોય, પરંતુ વાદીની જમીન બ્લોક નં. ૧૩૦૦ ઉપર ગેરકાયદેસર કબજો કરી લઈ વાદીનાં સિવીલ હકકો ઉપર અતિક્રમણ કરેલ છે. આમ, ઉપરોકત મિલકત બ્લોક નં . ૧૩૦૦ અને બ્લોક નં. ૧૨૯૯ માં રેકર્ડ મુજબ કબજા સુસંગત નથી, જે માટે વાદીએ રેવન્યુ ઓફિસરને રજુઆત કરેલી તથા પ્રતિવાદી નં. ૭ તથા ૮ નાઓને પણ રેકર્ડ મુજબ કબજા ફેરફાર કરવા વિનંતી કરેલી, જેનું સંતોષકારક પરીણામ નહી મળતા તથા ઓફિસર દવારા સિવીલ કોર્ટમાં જવા સલાહ આપેલ, જેથી વાદી કોર્ટમાં સરકારી અધિકારીશ્રી વિરૂધ્ધ તથા પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓ પાસેથી કબજો લેવાનો હોય માટે સી.પી.સી. કલમ–૮૦ હેઠળ નોટીસ આપેલ છે. વાદીને સને ૨૦૧૪ નાં વર્ષમાં પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ વાદીની કબજા ભોગવટાની ખેતી વિષયક જમીન બ્લોક નં. ૧૩૦૦ વાદી વેચાણ કરવાનાં હતા, ત્યારે ખબર પડી કે, પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ વાદીની જમીન બ્લોક નં. ૧૩૦૦ ની ચતુરસીમા બ્લોક નં. ૧૨૯૯ નાં દસ્તાવેજમાં લખી લઈ વાદીની જમીન ગેરકાયદેસર કબજે કરેલી છે, જે અંગે પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓને વાદીની જમીન બ્લોક નં. ૧ ૩૦૦ જે વાદીની માલીકીની હોય જે કબજો પરત સોંપી દેવા વિનંતી કરેલી, જે બાબતે કોઈ જવાબ મળેલ ન હોવાથી વાદીએ આ કામનાં પ્રતિવાદી નં. ૧ થી ૬ તથા ૯ નાઓને રજુઆત કરેલી, જેનાં જવાબ સિવીલ રાહે કામ કરવાનું જણાવતા વાદીને નામ. કોર્ટ સમક્ષ દાવો લાવવાનું કારણ ઉભું થયેલ છે. વાદીની મનાઈ અરજીનું કારણ એવું છે કે, આ કામનાં સામાવાળા નં. ૧ થી ૬ તથા ૯ ની કચેરીમાં વાદીએ દાવાગ્રસ્ત મિલકત જે એકત્રીકરણનાં અમલ વખતે વાદીને કબજો સોંપેલ ન હોય અને પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ વેચાણ દસ્તાવેજમાં વાદીનાં બ્લોક નં. ૧ ૩૦૦ ની ચતુરસીમા લખી વાદીનો કબજો છીનવી લીધેલ છે. આ માટે વાદીએ પ્ર તિવાદી સાહેબશ્રીને નોટીસ આપેલ છે, જેનો જવાબ પ્રતિવાદી નં. ૩ નાઓએ આપેલ છે અને વાદીની માલીકીનાં બ્લોક નં. ૧૩૦૦ ની ખેતી વિષયક જમીનને સમર્થન

આપેલ છે, પરંતુ કબજો આપેલ નથી. પ્રતિવાદીનાં આ કૃત્યથી પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓને ગેરકાયદેસર કબજો કરવા બળ મળેલ છે અને જેનાથી વાદીને ઘણું નુકસાન થાય છે. (૧) જયારે વગડે કબજા રેકર્ડ મુજબ ન હોય એટલે કે ઉલટ–સુલટ હોય તો આવા સંજોગોમાં રેકર્ડ મુજબ કબજા કરવા માટે રેવન્યુ ઓફિસરશ્રીએ કાર્યવાહી કરવાની હોય છે, જે આ કામે કરેલ નથી. બીજુ કે એકત્રીકરણ ઓફિસરશ્રીએ કબજાની સોંપણી રેકર્ડ મુજબ નહી કરવાથી વગડે કબજા રેકર્ડ મુજબ નથી. આમ, રેકર્ડ મુજબ કબજા સોંપણી કરવા વિનંતી કરતા રહેલ છે. (૨) પ્રતિવાદી ૭ અને ૮ નાોએ જણાવવામાં આવે છે કે, તેઓની પાસેનો વેચાણ દસ્તાવેજ બ્લોક નં. ૧૨૯૯ નો છે, જે વંચાણે લઈ રેકર્ડ મુજબ તેઓનો કબજો તેઓએ વગડે શોધી મેળવી લઈ વાદીને તેઓ જે જમીન ઉપર હાલ ખેતી કરે છે તે જમીન રેકર્ડ મુજબ વાદીનાં બ્લોક નં. ૧૩૦૦ ની જમીન છે જે કબજો સુપરત કરી દેવો, તેઓને એમ પણ જણાવેલ છે કે, કાયદા અનુસાર તેઓએ જે જમીન ઉપર કબજો કરેલ છે, જે હકિકતમાં તેઓનાં વેચાણ દસ્તાવેજ સાથે બંધબેસતી નથી, જેથી કબજાની ફેરબદલી કરવી ફરીજીયાત છે, જો કબજાની ફેરબદલી કરવામાં આવશે તો જ તેઓનો દસ્તાવેજ સાચો છે એમ માની શકાશે અન્યથા તેઓનો દસ્તાવેજ રદ થવા પાત્ર છે. (૩) વાદીએ પ્રતિવાદી નં. ૭ અને ૮ ને કબજા ફેરબદલી બાબતે ઘણી સમજ આપેલ, પરંતુ તેઓએ વાદીને રેકર્ડ મુજબનો કબજો સુપરત કરેલ નથી, જેનાં કારણે વાદી મિલકત વેચાણ કરવાનો કરાર કરવાનાં હતા, જે કરી શકેલ નહી અને જેથી આર્થિક નુકસાન સહન કરવું પડેલ છે, જે તેઓને ખબર છે, તેમ છતા વાદીને હેરાન–પરેશાન કરવા કબજા ફેરબદલ કરતા નથી. આ કામનાં પ્રતિવાદી નં. ૧ થી ૬ તથા ૯ જેઓ રેવન્યુ ઓફિસર છે અને જયારે વગડે આ પરીસ્થિતી કબજા અંગે ઉભી થાય અને વિવાદ ઉભો થાય તેવા સંજોગોમાં કાર્યવાહી કરવાની તેમની ફરજ છે તેમ છતા વાદીને તેમનો કાયદેસરનો કબજો સોંપેલ નથી, જેની વાદીએ નામ. કોર્ટમાં દાવો કરેલ છે. ઉપરોકત તમામ

હકિકતો જણાવી વાદીએ દાદ માંગેલ છે કે, આ કામનાં પ્રતિવાદી નં. ૧ થી ૬ તથા ૯ નાઓ વાદગ્રસ્ત મિલકતનો વાદીને કબજો સોંપણી કરે, રેવન્યુ રેકર્ડમાં હાલમાં રેકર્ડ મુજબ નોંધ નં. ૬૧૫૬, તા. ૨૩/૧૨/૮૨ આધારે કમી જાસ્તીની નોંધ હુકમથી દાખલ થયેલ, જે આધારે વાદીનાં નામે બ્લોક નં. ૧૩૦૦/અ, ૦–૦૭–૦૮ તથા બ્લોક નં . ૧૩૦૦/બ, ૨–૦૭–૪૦, આમ કુલ ક્ષેત્રફળ ૨–૧૪–૪૮ વાદીનાં નામે રેવન્યુ રેકર્ડમાં ૭/૧૨ નાં પાનાં ખોલે જે અંગેનો દાવા દરમ્યાન વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ ફરમાવવવા અરજ ગુજારેલ છે.

(૩) ત્યારબાદ આ કામે વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીનો સમન્સ પ્રતિવાદીઓને કરતા પ્રતિવાદીઓને સમન્સ બજવા છતા પ્રતિવાદી નં. ૧ થી ૪ અને ૬ તથા ૮, ૯ જાતે કે તેમનાં વકિલશ્રી મારફતે હાજર થયેલ નથી કે કોઈ જવાબ રજુ કરેલ ન હોય તેઓની સામે કામ એકતરફી ચલાવવાનો આંક–૧ લગત તા. ૧૬/૦૧/૨૦૧૬, તા.૨૧/૦૩/૧૭ તથા તા. ૧૯/૦૮/૧૭ નાં રોજ હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૮ તરફે આંક–૩૯ થી તેઓની સામેનો એકસપાર્ટીનો હુકમ સેટેસાઈડ કરવા પુરસીસ રજુ રાખતા તે લગત હુકમ કરી પ્રતિવાદી નં. ૮ સામેનો એકસપાર્ટીનો હુકમ બાયપાર્ટી કરવા તા. ૦૨/૦૩/૧૬ નાં રોજ હુકમ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૭ તથા ૮ તરફે આંક – ૪૦ થી વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ રજુ કરેલ છે. જેની ટુંકમા વિગત નીચે મુજબ છે.

## (૩.૧) પ્રતિવાદી નં. ૭ તથા ૮ નાં જવાબની ટુંકમાં હકિકત :–

પ્રતિવાદી નં. ૭ તથા ૮ નાઓએ તેમના આંક – ૪૦ ના લેખીત જવાબમાં જણાવેલ છે કે, વાદીની મનાઈ અરજી તદ્દન ખોટી હોય તેઓને કબુલ નથી. વાદીએ હાલનો દાવો સરકારીશ્રીને કે સરકારી અધિકારીને નોટીસ આપ્યા વગર કરેલ

હોય અને વાદીએ પંચાયત સામે દાવો કરતા પહેલા કોઈ નોટીસ આપેલ નથી, જેથી વાદીનો દાવો ચાલવાપાત્ર નથી અને રદ થવા પાત્ર છે. વાદીએ દાવા અરજી તથા મનાઈઅરજીમાં મિલકતની જે ચતુર્થદિશા જણાવેલ છે ખોટી છે, પ્રતિવાદી નં. ૭ તથા ૮ પાસે જે મિલકત આવેલી છે તે સ્થળ ઉપર બ્લોક નં. ૧૩૦૦ ની આવેલી છે, ખરેખર તેનો બ્લોક નં. ૧૨૯૯ છે અને પ્રતિવાદીઓએ જે મિલકત રાખી તે રજીસ્ટર દસ્તાવેજથી બ્લોક નં. ૧૨૯૯ ની મિલકત રાખેલી છે તેની પૂર્વે અભરામ વલીની જમીન, પશ્ચીમે નહેર મુકીને મહંમદ અસ્માલની જમીન, ઉત્તર–દક્ષિણે સરકારી નહેર આવેલ છે, તે ચતુર્થદિશા મુજબની પ્રતિવાદીઓએ બ્લોક નં. ૧૨૯૯ જે રેકર્ડ ઉપર બ્લોક નં. ૧૩૦૦ ની નકશામાં બતાવવામાં આવેલ છે તે મિલકત વેચાણ લીધેલી છે અને મિલકતનાં માલીક અને કબજેદાર બનેલા છે અને તે મિલકત નં. ૧૨૯૯ ની જયારે બાજુમાં દર્શાવેલી જમીન બ્લોક નં. ૧૨૯૯ નકશા મુજબ એ ખરેખર બ્લોક નં. ૧ ૩૦૦ છે, પરંતુ સીટી સર્વેએ જે નકશો તૈયાર કરેલ છે તે નકશામાં ભૂલ માલુમ પડે છે તે ભૂલ સુધારવા માટે વાદીએ સીટી સર્વે અધિકારીને કે એપેલન્ટ ઓથોરીટી આગળ કોઈ કાર્યવાહી કરેલી નથી, એકત્રીકરણનાં કાયદાની કલમ–૩૬ મુજબ આ અંગે નિર્ણય રેવન્યુ ઓથોરીટી લઈ શકે તેવી કાયદાકીય જોગવાઈ છે, તેમ છતા વાદીએ હાલનો ખોટો દાવો કરી દરમ્યાન મનાઈઅરજી ગુજારેલ હોય તે ચાલવાપાત્ર નથી. વાદીએ હાલનો જે દાવો કરેલ છે તે લાંબા સમય પછી કરેલ છે, જુનાં સર્વે નંબરો હતા તેનાં બ્લોક નંબરો પડેલા છે અને લાંબા સમય પહેલા તે તખતો તૈયાર થયેલો છે એટલ ે કે, એકત્રીકરણની સ્કીમ દાખલ થયા પછી જુનાં સર્વે નંબરનાં નવા બ્લોક નંબર પડેલા છે. મિલકત વેચાણ રાખ્યા પછી રેવન્યુ રેકર્ડમાં બ્લોક નંબર ૧૨૯૯ થી જમીન પ્રતિવાદી નં. ૭ અને ૮ નાં નામે દાખલ થયેલી, રેવન્યુ રેકર્ડ પણ તેઓનાં નામે ચાલતો આવેલ છે, પરંતુ અચાનક નકશામાં બ્લોક નં. ૧૩૦૦ પ્રતિવાદીની મિલકતનો બતાવવામાં આવેલ છે, પ્રતિવાદીની મિલકત બ્લોક નં. ૧૨૯૯ ની છે.

વાદીએ તેમની દાવા અરજી તેમજ મનાઈઅરજીમાં જણાવ્યા મુજબ વાદીનાં પિતાએ આ મિલકત રાખેલી અને જમીન સંપાદન થયેલી, તેમજ ક્ષેત્રફળ બદલાય ગયેલ અને પ્રતિવાદીઓએ બ્લોક નં. ૧૩૦૦ ની મિલકતમાં ગેરકાયદેસર કબજો કરી લીધેલ છે અને વાદીએ રેવન્યુ અધિકારીને રજુઆતો કરેલી, ફેરફાર કરવા વિનંતી કરેલી કોઈ સંતોષકારક જવાબ આપેલો નહી, નોટીસ આપી વિગેરે તમામ હકિકતો ખોટી છે. વાદીએ હાલનો દાવો કરેલો છે તે દાવો યોગ્ય સમયમાં કરેલ નથી, લાંબા સમય પછી કરેલ છે, એકત્રીકરણનાં નકશાની ભૂલનાં કારણે દાવો કરેલો હોય અને રેકર્ડ ઉપર બ્લોક નં. ૧૨૯૯ વાળી મિલકત પ્રતિવાદી નં. ૭ અને ૮ નાં નામે હોય કબજો ભોગવટો પણ તેઓનો હોય અને તેનાં વેરા પણ પ્રતિવાદીઓ ભરતા હોય, કાયદેસરનો દસ્તાવેજ થયેલ હોય અને ચુતર્થદિશા પ્રમાણે આ મિલકત પ્રતિવાદીઓની છે તેમ છતા નકશાની ભૂલને કારણે વાદીએ દાવો કરેલ છે, જેથી રદ થવાને પાત્ર છે. બ્લોક નં. ૧૨૯૯ ની માલીકી જયાબેન મોહનભાઈ શાહ તથા જયોત્સનાબેન મોહનભાઈ શાહની કબજા ભોગવટાની હતી અને તે મિલકત તેમની પાસેથી રૂા. ૪૬,૧૧૨.૫૦/– થી સુલેમાન મહંમદ દાઉદ તથા અબ્દુલ મહંમદ દાઉદનાંએ રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ લીધેલી અને તેની એન્ટ્રી સને–૧૯૯૩ માં પડેલી તે મિલકતનાં માલીક અને કબજેદાર પ્રતિવાદી નં. ૭ અને ૮ બનેલા અને તેઓ જે મિલકતનો હાલમાં કબજો ધરાવે છે તે જ મિલકત બ્લોક નં. ૧૨૯૯ છે. સને–૧૯૯૩ થી આ મિલકતનાં માલીક અને કબજેદાર બનેલા છે તેમ છતા ૨૩ વર્ષ પછી દાવો કરેલ હોય મુદતનો બાધ નડે છે. વાદીએ જે દાદ માંગેલી તે પ્રમાણે કોર્ટ ફી સ્ટેમ્પ ચોઢેલ નથી. એકત્રીકરણ અધિકારીની નકશાની ભૂલનાં કારણે પ્રતિવાદી નં. ૭ અને ૮ માલીક મટી જતા નથી, મિલકત ચતુર્થદિશાથી ઓળખાય છે, એક તરફ વાદી બ્લોક નં. ૧૩૦૦ માં હકક કરે છે અને બીજી તરફ વાદી બ્લોક નં. ૧૨૯૯ નું ટાઈટલ ન હોય તેવી દાદ માંગે છે. બન્ને મિલકતો જોડાજોડ આવેલ છે, કઈ મિલકત

બ્લોક નં. ૧૨૯૯ ની છે અને કંઈ મિલકત બ્લોક નં. ૧૩૦૦ ની છે તે નક્કી કરવાનો અધિકાર એકત્રીકરણ અધિકારીને છે. વાદીનાં દાવાને મુદતનો બાધ નડે છે અને ખોટા કારણો દર્શાવી દાવો કરેલ હોય રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરી પ્રતિવાદીઓનો ખર્ચ વાદી પાસેથી અપાવવા તેમજ વાદીએ ખોટો દાવો કરેલો હોય, દરેક પ્રતિવાદીને કોમ્પેન્સટરી કોસ્ટ રૂા. ૧૦,૦૦૦/– વાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદીઓ ધ્વારા આંક – ૩, ૪૨, ૬૨ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૩/૧ | વાદીને આપેલ જનરલ પાવર ઓફ એટર્ની રજી. નં. ૧૪૯૫/૧૫ ની ઝેરોક્ષ નકલ |
| ૨ | ૩/૨ | વાદીની દાવાગ્રસ્ત મિલકતનાં બ્લોક નં. ૧૩૦૦ નાં ગામ નમુનાં નં. ૭ ની નકલ |
| ૩ | ૩/૩ | વાદીની જમીન જુની શરતમાં ફેરવી જેની ફેરફાર નોંધ નં. ૭૭૮૬ ની નકલ |
| ૪ | ૩/૪ | વાદીની જમીનનાં મૂળ માલીકનું રે. સ. નં. ૬૨૯ ની નોંધ નં. ૧ ૫૭૪ તથા સને –૧૯૫૦ થી ૨૦૦૪–૦૫ સુધીનાં ૭/૧૨ ની નકલ |
| ૫ | ૩/૫ | વાદીનાં દાદાની નોંધ નં. ૨૪૨૦ થી દાવાગ્રસ્ત જમીનનાં માલીક છે, જે નોંધ રે. સ. નં. ૬૨૯/૧ ની નકલ |
| ૬ | ૩/૬ | વાદીની એકત્રીકરણની નોંધ નં. ૬૧૩૬ ની નકલ |
| ૭ | ૩/૭ | વાદીની એકત્રીકરણ તખ્તાની નકલ |
| ૮ | ૩/૮ | વાદીનાં એકત્રીકરણ હુકમની નકલ |
| ૯ | ૩/૯ | વાદીએ કબજો મેળવવા કાર્યવાહી કરેલ જે કાગળોની ઝેરોક્ષ નકલ |
| ૧૦ | ૩/૧૦ | વાદીની જમીન સંપાદન થતા નોંધ નં. ૬૧૫૬ થી કે. જી. પી. |
| ૧૧ | ૩/૧૧ | વાદીની વાદગ્રસ્ત જમીનનાં નકશા સાથે આકૃતિ |

| | | |
|---|---|---|
| ૧૨ | ૩/૧૨ | પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓનો ખોટી વિગતથી બનાવેલ દસ્તાવેજ નં. ૨૩૭/૧૯૯૩ |
| ૧૩ | ૩/૧૩ | પ્રતિવાદી નં. ૭ અને ૮ નાં બ્લોક નં. ૧૨૯૯ નાં ગામ નમુનાં નં. ૭ ની નકલ |
| ૧૪ | ૩/૧૪ | પ્રતિવાદી નં. ૭ અને ૮ નાં અગાઉનાં માલીકની ૭/૧૨ ની નકલ સને ૧૯૬૪–૬૫ થી ૨૦૦૪–૦૫ |
| ૧૫ | ૩/૧૫ | પ્રતિવાદી નં. ૭ અને ૮ ની વેચાણ ફેરફાર નોંધ નં. ૬૫૫૯ ની નકલ |
| ૧૬ | ૩/૧૬ | વાદીની વારસાઈ ફેરફાર નોંધ નં. ૭૦૬૨, ૮૦૧૫ |
| ૧૭ | ૩/૧૭ | વાદીએ આપેલ સી. પી. સી. કલમ–૮૦ ની નોટીસની નકલ |
| ૧૮ | ૩/૧૮ | વાદીએ મોકલાવેલ નોટીસની પોસ્ટની સ્લીપોની નકલ |
| ૧૯ | ૩/૧૯ | પ્રતિવાદીઓને નોટીસ બજી ગયા અંગેની પોસ્ટની એકનોલ જમેન્ટોની ઝેરોક્ષ નકલ |
| ૨૦ | ૩/૨૦ | પ્રતિવાદી નં. ૩ નાઓએ આપેલ જવાબ |
| ૨૧ | ૩/૨૧ | વાદીએ રજુ કરેલ નકશો |
| ૨૨ | ૪૨/૧ | મ્હે. મામલતદારશ્રીએ પ્રતિવાદીને આપેલ જવાબની ઝેરોક્ષ નકલ |
| ૨૩ | ૪૨/૨ | કવરની ઝેરોક્ષ નકલ |
| ૨૪ | ૬૨/૧ | બ્લોક નં. ૬૨૩, જુનો બ્લોક નં. ૧૩૦૦ નાં ગામ નમુનાં નં. ૭ ની નકલ |
| ૨૫ | ૬૨/૨ | બ્લોક નં. ૬૨૪, જુનો બ્લોક નં. ૧૩૦૦ નાં ગામ નમુનાં નં. ૭ ની નકલ |

આ કામે પ્રતિવાદી નં. ૭ અને ૮ નાઓએ રજુ કરેલ જવાબ સામે વાદી તરફે આં ક–૪૩ થી કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ છે.

(૫) આ કામે પ્રતિવાદી નં. ૫ ધ્વારા આંક – ૪૭ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૪૭/૧ | આકારબંધની ખરી નકલ |
| ૨ | ૪૭/૨ | મોજે રોજા ટંકારીયાનું ૧૧/અ નાં પત્રક ખરી નકલ |
| ૩ | ૪૭/૩ | હિસ્સા માપણીનો નમુનો ૧૫/અ ઝેરોક્ષ નકલ |
| ૪ | ૪૭/૪ | પુરવણી પત્રક ફોર્મ નં. ૧ ની ખરી નકલ |
| ૫ | ૪૭/૫ | ફીલ્ડબુકની નકલ |
| ૬ | ૪૭/૬ | એકત્રીકરણ બ્લોકવાર લીસ્ટ |
| ૭ | ૪૭/૭ | એકત્રીકરણ નકશાની નકલ |

## (૬) દલીલ :–

વાદી તરફે વિ. વ. શ્રી એન. એચ. પટેલે દલીલ કરેલ છે કે, હાલના કામે વાદીએ જાથુનો મનાઇહુકમ, વિશીષ્ટ દાદ મેળવવા તથા દસ્તાવેજ રદ કરવા અંગેની દાદની માંગણી કરેલ છે. પ્રતિવાદી નં. ૧ થી ૬ જીલ્લા કલેકટર, મહે. નાયબ કલેકટર શ્રી, મહે. સુપ્રિ. ઓફ લેન્ડ રેકર્ડ એન્ડ એકત્રીકરણ, મહે. સેટલમેન્ટ કમીશ્નર અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકોર્ડ તથા મામલતદાર શ્રી, આમોદ તમામને દાવો કરતા અગાઉ નોટીસ આપેલ છે. હાલના કામે પ્રતિવાદી નં. ૭ અને ૮ સીવાયના નોટીસ બજવા છતા હાજર રહેલ નથી કે તેઓને દાવામાં કોઇ રસ નથી અને તેઓની વિરુધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ થયેલ છે. દાવાવાળી મીલકતનો પ્રતિવાદી નં. ૭ અને ૮ એ જે દસ્તાવેજ કરાવી લીધેલ છે તે રદ કરવાની દાદ છે. દાવાવાળી મીલકતનો જુનો સર્વે નં. ૬૨૯l૧ હતો અને તેનું માપ ૨–૧૪–૪૮ અને આકારણી ૧૮.૧૨ છે. જેની ચર્તુદિશા દાવાઅરજીના પેરા નં. ૧ માં જણાવ્યા મુજબ છે. દાવાવાળી જમીન તથા સર્વે નં. ૬૨૯l૨ ના મુળ માલીક મહેરામણસિંહજી ઠાકોર હતા. મુળ જમીનમાંથી મુસે નાથાએ ૬ એકર અને ૩૫ ગુંઠા જમીન સને ૧૯૪૯–૫૦ માં લીધેલ અને બાકીની જમીન ખીમચંદ દયાળભાઇએ ૬ એકર જમીન સને ૧૯૫૪ –૫૫ માં લીધેલી. મુસે નાથા ગુજરી ગયેલ તેની નોંધ નં. ૨૪૨૦ થી થયેલ છે જે વાદીના દાદા થતા હતા. એકત્રીકરણ થતા નવો બ્લોક નં. ૧૩૦૦ સર્વે નં. ૬૨૯l૧ અને મોહનલાલ ખીમચંદનો બ્લોક નં. ૧૨૯૯ અને સર્વે નં. ૬૨૯l૨ પડેલ. વાદીના

દાદાની જમીન સંપાદનમાં ગયેલ તેની નોંધ નં. ૬૧૫૬ તા. ૨૩–૧૨–૮૨ ના રોજ પડેલ અને રોડમાં ૦–૨૮–૩૩ વાળી જમીન ગયેલ જેથી બ્લોક નં. ૧૩૦૦અ ૦–૦૭–૦૮ રહેલ અને ૧૩૦૦બ ૨–૦૭–૪૦ અને કુલ ક્ષેત્રફળ ૨–૧૪–૪૮ થાય. જેમ વાદીના દાદાની જમીન સંપાદનમાં ગયેલ તે રીતે બ્લોક નં. ૧૨૯૯ વાળી જમીન પણ રોડમાં સંપાદનમાં ગયેલ જે ૦–૧૮–૨૧ જતા કુલ જમીન ૨–૬૦–૦૨ રહેલ. બ્લોક નં. ૧૨૯૯ ના મુળ માલીકના વારસોએ પ્રતિવાદી નં. ૭ અને ૮ ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ પણ તે દસ્તાવેજમાં બ્લોક નં. ૧૨૯૯ ના બદલે બ્લોક નં. ૧૩૦૦ ની જમીનની ચર્તુદિશા લખેલ અને વાદીની જમીનનો ગેરકાયદેસર કબજો કરી લીધેલો. જેથી વાદીએ પ્રથમ રેવન્યુ રાહે રજુઆત કરેલ સુધારો કરી આપવા માટે અને તેઓએ દિવાની કોર્ટમાં કાર્યવાહી કરવા જણાવતા નોટીસ આપ્યા છતા કોઈ કાર્યવાહી કરેલ નહી જેથી હાલનો દાવો કરેલ છે અને બ્લોક નં. ૧૩૦૦ ના માલીક અને કબજેદાર વાદી છે તેવું જાહેર કરો અને તકરારી દસ્તાવેજમાં જે ચર્તુદિશા લખેલ છે તે ખોટી હોય રદ કરવા અને ગેરકાયદેસર કબજો કરી લીધેલ છે તે પરત અપાવવા અને દરમ્યાન ઉપજ માટેની દાદ માંગેલ છે. પ્રતિવાદીઓ નં. ૭ અને ૮ એ આંક – ૪૦ થી લેખીત જવાબ આપેલ છે તેના પેરા નં. (૫) માં તેમની પાસે જે જમીન આવેલ છે તે સ્થળ ઉપર બ્લોક નં. ૧૩૦૦ ની આવેલ છે તેવી કબુલાત કરેલ છે અને તેઓએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થી બ્લોક નં. ૧૨૯૯ ની મીલકત રાખેલ છે તેની પુર્વે અબ્રાહમ વલી, પશ્ચીમે નહેર મુકી મહંમદ અસ્માન, ઉત્તરે સરકારી નહેર હોવાનું જણાવેલ છે. સર્વેયર દ્વારા જે નકશો તૈયાર કરેલ છે તેમાં પણ ભુલ છે અને સર્વે નં. ૧૨૯૯ ના બદલે ૧૩૦૦ નો બનાવેલ છે. વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ છે. રેવન્યુ અધિકારી દ્વારા કોઈ કાર્યવાહી કરેલ નહી જેથી તેઓની સામે દાવો કરેલ અને પ્રતિવાદી નં. ૭ અને ૮ નાએ વાદીની મીલકત કબજે કરેલ હોય રેવન્યુ રેકર્ડ આધારે દાવો કરેલ છે. કોઈ પણ વ્યકતિ દસ્તાવેજમાં ચર્તુદિશા લખવાથી માલીક બની જતા નથી. વાદી તરફે મનાઈહુકમના ત્રણેય તત્વો પુરવાર કરેલ હોય માંગ્યા મુજબ દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

<u>આંક – ૫</u> <u>રે. દિ. મુ. નંબર : ૧૬૮/૨૦૧૭</u>

પ્રતિવાદી નં. ૭ અને ૮ તરફે વિ. વ. શ્રી એસ. આઇ. દોલાએ દલીલ કરેલ છે કે, વાદી તરફે જુદા જુદા કારણો જણાવી દાવો કરેલ છે, પરંતુ મનાઇહુકમની જે દાદ માંગેલ છે તે જોવામાં આવેતો આદેશાત્મક દાદ માંગેલ છે. પ્રતિવાદી નં. ૭ અને ૮ તરફે લેખીત જવાબ રજુ કરેલ છે. એકત્રીકરણ કરનાર અધિકારીએ જો કોઇ ભુલ કરેલ હોય તો પણ ફ્રેગમેન્ટેશન એકટની કલમ – ૩૬ હેઠળ હકુમત અધિકારીને છે અને દિવાની કોર્ટને હકુમત નથી. વાદીના કથન મુજબ કબજો પ્રતિવાદી પાસે છે. લેખીત જવાબના પેરા નં. (૧૦) જોવામાં આવેતો વિગતવાર તકરાર લીધેલ છે અને સને – ૧૯૯૩ થી કબજો છે અને તે જ મીલકત બ્લોક નં. ૧૨૯૯ છે અને ૨૩ વર્ષ પછી દાવો કરેલ છે. વધુમાં વાદી તરફે મેન્ડેટરી મનાઇહુકમ માંગેલ છે જે ૨૩ વર્ષ પછી માંગેલ હોય તો આપી શકાય નહી. પેરા નં. ૬ માં જે દાદ માંગેલ છે તે રેવન્યુ અધિકારી સામે છે. વાદી તરફે જે તકરારો લીધેલ છે તે પુરાવાનો વિષય છે અને પુરાવો લીધા સીવાય પ્રતિવાદીને કબજામાંથી દુર કરી શકાય નહી. પ્રતિવાદીએ દસ્તાવેજ આધારે મીલકત ખરીદ કરેલ છે. અમુક જમીન સંપાદનમાં ગયેલ હોય તેના પૈસાની તકરારના કારણે દાવો કરેલ છે. પ્રતિવાદીનો કબજો હોય વાદીનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. વાદી મનાઇહુકમના ત્રણેય તત્વો પુરવાર કરી શકેલ ન હોય અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૭) ઉપરોકત વાદીપક્ષની અરજીની હકિકતો, તેમજ વાદી પક્ષની દલીલોને ઘ્યાને લ ેતા આંક – ૫ ની અરજીના ન્યાયીક નિર્ણય થવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## <u>–:: મુદ્દાઓ ::–</u>

૧. શું વાદીઓનો પ્રાઈમાફેસી કેસ છે ?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ વાદીઓની તરફેણમાં છે ?

૩. શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) '' હકારમાં''

(૨) '' હકારમાં''

(૩) '' હકારમાં''

(૪) આખરી હુકમ મુજબ.

(૯) આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

આ કામે આંક–૫ નિર્ણિત કરતા પહેલા આ અંગે કાયદાની સ્થિતિ જોઈએ તો, સી. પી. સી. ઓ. ૩૯, રૂલ્સ – ૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

**સી. પી. સી. ઓર્ડર – ૩૯, રૂલ – ૧ જે કેસોમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય:**

(૧) જો કોઈ કેસમાં સોગંદનામાંથી અગર અન્ય રીતે એમ સાબિત થાય કે : (એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા

(બી) પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યય કરી નાખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા

(સી) દાવામાં વાદગ્રસ્ત મિલકતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજી રીતે વાદીને વાદગ્રસ્ત મિલકતના સબંધમાં હાની પહોંચાડવાની ધમકી આપે છે. (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા

અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલકતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુધીનો હુકમ કરી શકે.

(૨) કોર્ટ ચાલુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈહુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતા સુધી, તે મિલકત વેડફાઈ જતી હોય, તે, તેને નુકસાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડતી હોય તે અથવા પેટા રૂલ –(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલકતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે , કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકશે.ઉપરોકત મુજબનાં આવશ્યક તત્વો હોય ત્યારે વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

**(૯.૧)** પ્રાઈમાફેસી કેસ :– પ્રાઈમાફેસી કેસ એટલે કે પ્રથમ દર્શનીય કેસની વ્યાખ્યા જોઈએ તો, વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકિકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની, સામાન્ય વ્યકિતને, દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનું ધ્યાન આપવું જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીત પણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવા વિચાર પેદા કરે કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે તેને પ્રથમદર્શનીય કેસ ગણી શકાય.

**મુદ્દા નં. ૧.**

**(૧૦)** ઉપરોકત મુજબની વિ. વ. શ્રીની દલીલોની રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો એકતરફ વાદીઓ તરફે પોતાની દાવાઅરજી અને મનાઈ

અરજીની શરુઆતમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, દાવાવાળી મીલકતના સંપુર્ણ કબજેદાર તથા માલીક છે, જયારે બીજી બાજુ પ્રતિવાદી નં. ૭ અને ૮ એ તેમનો કાયદેસરનો કબજો બોગસ દસ્તાવેજના માધ્યમથી ગેરકાયદેસર રીતે કબજે કરેલ હોવાની વિગત દાવાના કારણમાં જણાવેલ છે. વાદી તરફે દાવાઅરજી અને મનાઇ અરજી વંચાણે લેતા તેઓનો કાયદેસરનો કબજો પ્રતિવાદીઓ દ્વારા કયારે લઇ લેવામાં આવેલ તેવી કોઇ સ્પષ્ટ હકિકત જણાવેલ નથી. પ્રતિવાદીઓએ જે દસ્તાવેજ કરાવેલ છે તે તા. ૧૫–૦૬–૧૯૯૩ ના રોજ કરાવેલ છે. નિ. ૩૧૯ જોતા વાદી તરફે કબજો મેળવવા સારુ અને રેકર્ડે સુધારણા કરાવવાની કાર્યવાહી સને – ૨૦૧૫ થી કરેલ હોવાનું જણાઇ આવે છે અને તેની સાથે જે પંચકયાસ રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા '' બ્લોક નં. ૧૨૯૯ અને ૧૩૦૦ જે સ્થળ ઉપર કબજાની ફેરબદલી છે અને આ જમીન ૧૯૯૩ માં જમીનની ફેરબદલી થયેલ છે અને ૧૨૯૯ બ્લોક નંબર વાળી જમીન જે વેચાણ દસ્તાવેજ થી રાખેલ છે જે સમયથી આ લોકોનો કબજો ફેરબદલ થયેલ છે એ અમે ગામના પંચોએ વાંચી, સમજીને સભાનમાં સહિઓ કરેલ છે. '' હવે તેની સાથે નિ. ૩૨૦ જોવામાં આવેતો વાદીની વિ. વ. શ્રી મારફતે તા. ૦૧–૧૨–૨૦૧૫ ના રોજની નોટીસનો સુપ્રિ. લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી, ભરુચનાઓએ જવાબ આપેલ છે તે વંચાણે લેતા યોજના અમલમાં આવ્યાના ૩૫ વર્ષ બાદ યોજના સમયે એકત્રીકરણ અધિકારીશ્રીએ વગડે રેકર્ડ મુજબ કબજા સોંપેલ નથી તે રજુઆત સત્યથી વેગળી અને પાયાવિહોણી હોવાનું જણાવેલ છે. આમ સમગ્ર હકિકત જોતા દાવાવાળી મીલકત વારસાઇ હકકે વાદી માલીક હોવાનું એક વખત માની લેવામાં આવેતો પણ સને – ૧૯૯૩ થી તેઓનો કબજો ન હોવાનું હાલના તબકકે રેકર્ડ ઉપર જણાઇ આવે છે, ઉલ્ટાનું રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે પ્રતિવાદી નં. ૭ અને ૮ નો કબજો હોવાનું જણાઇ આવેલ હોય ખરેખર કયારે, કોની કોની વચ્ચે અને કેવી રીતે કબજાની ફેરબદલી થયેલ છે કે કેમ ? તે હાલની અરજીના તબકકે નહિ પણ પુરાવો લીધા બાદ જ નકકી થઇ શકે તેમ હોય હાલના તબકકે વાદીનો કબજો ન હોવાનું સ્પષ્ટ હોય ત્યારે વાદી તરફે માંગ્યા મુજબ દરમ્યાન વચગાળાનો આદેશાત્મક મનાઇહુકમ મેળવવા હકકદાર થતા નથી અને વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ ન હોય તે રીતે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૨ અને ૩.**

**(૧૧)** ઉપરોકત પેરામાં વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર જયારે વાદી હાલના તબકકે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ નથી અને રેકર્ડ ઉપર તેમનો કબજો પણ ન હોવાનું જણાઈ આવેલ હોય જો માંગ્યા મુજબનો મનાઇહુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન કે અગવળ પડે તેમ જણાઈ આવતુ નથી, ઉલ્ટાનું પ્રતિવાદી નં. ૭ અને ૮ નો વેચાણ દસ્તાવેજ આધારે સને – ૧૯૯૩ થી કબજો હોય જો માંગ્યા મુજબ વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ આપવામાં આવેતો પ્રતિવાદીઓને નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન તથા અગવળ ભોગવવી પડે તેવી પરિસ્થિતી ઉભી થાય તેમ જણાઈ આવે છે અને તે રીતે વાદી તરફે નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન તથા સગવળ અગવળ નું ધોરણ બંન્ને મુદ્દાઓ પણ પુરવાર કરી શકેલ ન હોય તે રીતે મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ પણ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**આ ખ રી હુ ક મ**

- વાદીની મનાઈઅરજી રદ યાને નામંજુર કરવામાં આવે છે.
- સદર અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૦૫ મી, માહે :ફેબ્રુઆરી, સને : ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૦૫/૦૨/૨૦૨૨ | ( ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ ) |
| સ્થળ : જંબુસર | પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, જંબુસર |
| | જજ કોડ જી. જે. ૦૦૮૧૯ |